અપીલ અરજી નં.૧૩૬ તા.૨૪–૬–૧૧
ફોન નં. ૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મહેન્દ્રસિંહ બ્રહમભટ્ટ
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(લીંબાયતઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ બ્રહમભટ્ટ ની તા.૨૪–૫–૧૧ ની અરજીથી લિંબાયતઝોન સુ.મ.પા.ની બરાબર બાજુમાં નવનિર્માણ થઈ રહેલ રાહુલ રાજ ટેક્ષ્ટાઈલ સીટી નું બાંધકામ શરૂ થયુ ત્યારથી આઠ જેટલી અરજીઓની આજ સુધીની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની અપીલ તા.૨૪–૬–૧૧ ની SMC/FAP/ નં.૧૩૬ /૨૦૧૧–૧૨

શ્રી મહેન્દ્રસિંહ બ્રહમભટ્ટ ની તા.૨૪–૫–૧૧ ની અરજીથી લિંબાયતઝોન સુ.મ.પા.ની બરાબર બાજુમાં નવનિર્માણ થઈ રહેલ રાહુલ રાજ ટેક્ષ્ટાઈલ સીટી નું બાંધકામ શરૂ થયું ત્યારથી આઠ જેટલી અરજીઓની આજ સુધીની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુતર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૪–૬–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ/વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા સાથે સદર અરજીઓ અંગે થયેલ કાર્યવાહી અને ન થયેલ હોય તો તે મુજબની હકીકત પણ જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૧૪ તા ૩૦–૬–૧૧ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તથા અરજદારને મહામહિમ રાજયપાલશ્રીને કરેલ રજૂઆતની નકલ અપીલ સાથે રજૂ કરેલ ન હોઈ તે રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૧૧૫૨ તા.૧૨–૭–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારના તા.૨૦–૧૨–૧૦, ૨૯–૧–૧૧, ૩–૨–૧૧, ૪–૩–૧૧, ૧૧ –૩–૧૧,૨૫–૩–૧૧, ૨૨–૩–૧૧, ૨૯–૩–૧૧, અને રાજયપાલ સચિવશ્રીના પત્રોની નકલો, અરજી ફી ની વિગત, નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.ઈ.ઝોન/ટેક./૧૦૦૨ તા.૨૩–૫–૧૧ ના પત્રની નકલ, પત્ર નં.સા.ઈ.ઝોન/ટેક./૧૦૩૫ તા.૨–૭–૧૧ , પત્ર નં.સા.ઈ.ઝોન/ટેક./૧૧૨૩ તા.૮–૭–૧૧ ના પત્રની નકલ, અત્રે રજૂ કરેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૨૪–૫–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની અરજદારે તા.૨૦–૧૨–૧૦ , ૨૯–૧–૧૧, ૩–૨–૧૧, ૪–૩–૧૧, ૧૧–૩–૧૧,૨૫–૩–૧૧, ૨૨–૩–૧૧, ૨૯–૩–૧૧, તથા રાજયપાલશ્રી ઉપસચિવના પત્ર અંગે થયેલ કાર્યવાહીની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને કરવામાં આવેલ. જે બાબતે માંગેલ માહિતી અંગે કોઈ નિર્ણય મળેલ ન હોવાને કારણે અરજદારે તા.૨૪–૬–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અપીલ તબકકે પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૧૧૫૨ તા.૧૨–૭–૧૧ થી પૂરક વિગતના પત્રમાં અરજદારને અરજદારની આરટીઆઈ હેઠળ તા.૨૧–૩–૧૧ ની અરજીથી તેની સાથે સામેલ પાંચ અરજીઓ અંગે થયેલ કાર્યવાહીની સંપૂર્ણ માહિતી અને જો કાર્યવાહી ન થઈ હોય તો જવાબદાર, બેજવાબદાર, ભ્રષ્ટ નિષ્ક્રિય અધિકારીના નામ, હોદ્દા અને સેલેરી તથા કાર્યવાહી ન થવાના કારણે બાબતેની માહિતી માંગવામાં આવેલ છે. (૧) કમિ.શ્રીને તા.૨૦–૧૨–૧૦ (૨) ઝોનલચીફ તા.૨૧–૨–૧૧ ઉધનાઝોન (૩) કમિ.શ્રીને તા.૨૩–૨–૧૧ (૪) કાર્યપાલક ઈજનેર તા.૪–૩–૧૧ લીંબાયતઝોન (૫) કમિ.શ્રીને તા.૧૭–૩–૧૧ તથા બીઆરટીએસને કરેલી અરજી બાબતે લીંબાયતઝોન, શહેર વિકાસ આધારીત મુદ્દા નં.૧ અને ૪ અંગે ટીપી સ્કીમ નં.૩૩ (ડુંભાલ) ફા.પ્લોટ ૧૩ સંલગ્ન મિલ્કતમાં જવાબદાર અધિકારીઓ વિરુધ્ધ ખાતાકીય તપાસ અને ફોજદારી કાર્યવાહી કરવા જણાવેલ હોઈ લીંબાયતઝોનના કોઈ અધિકારી કસુરવાર ન જણાતા ફોજદારી કાર્યવાહી કરવામાં આવેલ નથી તેવું જણાવેલ છે. જયારે મુદ્દા નં.૨ સદર ઝોનને લાગુ પડતી નથી તેથી માહિતી આપી શકાય તેમ નથી તથા મુદ્દા નં.૩ અંગે આપવા જોગ વધુ એક નકલ પૂરી પાડેલ છે. જયારે પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૧૧૨૩ તા.૮–૭–૧૧થી નિયત સમય અવધિ બાદ વિલંબથી અરજદારને તેમની તા.૨૦–૧૨–૧૦ ૩–૨–૧૧, ૪–૩–૧૧, ૧૧–૩–૧૧, ૨૫–૩–૧૧, ૨૧–૩–૧૧, ની અરજીમાં ગેરરિતી ન રોકનાર અધિકારી વિરુધ્ધ ખાતાકીય તેમજ ફોજદારી કાર્યવાહી કરી જાણ કરવા જણાવેલ છે. જે અન્વયે લીંબાયતઝોન તરફથી કોઈ અધિકારી કસુરવાર ન જણાતા કોઈ ફોજદારી કાર્યવાહી કરવામાં આવેલ નથી. સંલગ્ન માહિતી અન્વયે પાઠવવામાં આવેલ તા.૨૩–૫–૧૧ અને તા.૨–૭–૧૧ ની નકલ પણ અત્રે રજૂ કરેલ છે. તેમજ અરજદારને

મહામહિમ રાજયપાલ ગુજરાત રાજયને કરેલી અરજી બાબતે પત્ર નં.સા.ઈ.ઝોન/ટેક./૧૦૦૨ તા.૨૩–૫–૧૧ થી સંલગ્ન મિલ્કતમાં બાંધકામ બાબતે લીંબાયતઝોન કક્ષાએથી કાયદેસરની કાર્યવાહી કરી ઘીબીપીએમસી એકટની કલમ–૨૬૦(૧) (અ) મુજબ નં.સા.ઈ.ઝોન/૩૯૫૧ તા.૨૫–૧૧–૦૯ થી કારણદર્શક નોટીસ તથા કલમ–૨૬૭ મુજબ નં.સા.ઈ.ઝોન/૩૯૫૦ તા.૨૫–૧૧–૦૯ થી મનાઈ હુકમ આપવામાં આવેલ. લીંબાયતઝોનના કાર્યક્ષેત્ર હેઠળ તા.૩૧–૩–૧૦ ના રોજ સંલગ્ન મિલ્કતમાં ડે.કમિ.શ્રી (પીએન્ડડી) તથા તત્કાલીન સીટી ઈજનેરશ્રી તથા તત્કાલીન કાર્યપાલક ઈજનેરશ્રીના સંયુકત સાઈટ વીઝીટ કરવામાં આવેલ તેમજ સ્થળ ઉપર ડિમાર્કેશન કરી મિલ્કતદારને ટાઉન પ્લાનીંગ ઓફિસર ટીપી સ્કીમ નં.૩૩ (ડુંભાલ) ધ્વારા ફાળવવામાં આવેલ ફા.પ્લોટ પૈકીમાં ખાડી તરફથી સરેરાશ ૪.૫૦ મી. ના અંતરે રીટેઈનીંગ વોલ બનાવવા સૂચના આપવામાં આવેલ તેમજ તે મુજબ રીટેઈનીંગ વોલ બનાવવામાં આવેલ છે. નગર નિયોજકશ્રી મધ્યસ્થ શહેર વિકાસ ખાતા ધ્વારા ડ્રાફટ ટીપી સ્કીમ નં.૩૩ (ડુંભાલ) , ફા.પ્લોટ નં.૮ (ડ્રાફટ મુજબ) , ફા.પ્લોટ નં.૧૩ પ્રિલીમનરી મુજબ ઓ.પી. નં.૮/૧ બ્લોક નં.૮ પૈકીમાં " કોમર્શીયલ હાઈરાઈઝ બિલ્ડીંગ" પ્લાન તા.૨૬–૮–૧૦ થી મંજુર કરેલ છે. તેવું જણાવેલ છે. આમ અરજદારને કરેલી આઠ પત્રોથી ટીપી સ્કીમ નં.૩૩ (ડુંભાલ) ફા.પ્લોટ નં.૧૩ ના સંલગ્ન બાંધકામ બાબતે પરવાનગી આપનાર અધિકારી વિરુધ્ધ ખાતાકીય તેમજ ફોજદારી કાર્યવાહી બાબતેના પત્રો બાબતેની માહિતી તેમજ રાજયપાલ ઉપસચિવના માહિતીના પત્ર અંગેની માહિતી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પૂરી પાડેલ જણાય છે. આથી અપીલ અંગે કોઈ વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

**હુકમ.**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૨૪/૫/૧૧ની અરજી થી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અરજદારની અપીલ દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮–૧૧

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(લીંબાયતઝોન) ....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ ,